# Std 12 Gujarati Textbook Solutions Chapter 15 આ રસ્તાઓ

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના એક – એક વાક્યમાં ઉત્તર લખો.

**પ્રશ્ન 1. કવિ પોતાના હૈયાને કેવું ગણાવે છે?**

ઉત્તરઃ

કવિ પોતાના હૈયાને રખડું ગણાવે છે.

**પ્રશ્ન 2. ‘રસ્તાઓ’ શી રીતે પૃથ્વી પર વીંટળાયેલા છે?**

ઉત્તરઃ

“રસ્તાઓ’ અક્ષાંશ પર રેખાંશની ગૂંથણી કરી પૃથ્વી પર ભરડાની જેમ વીંટળાયેલા છે.

**પ્રશ્ન 3. સ્વર્ગારોહણ પછી પણ કવિની શી ઈચ્છા પ્રબળ બની રહી?**

ઉત્તર :

સ્વર્ગારોહણ પછી પણ હજી કેટલાય રસ્તાઓ એવા છે કે જેના પર તેઓ ચાલ્યા નથી માટે કવિ એ ઈચ્છા પૂર્ણ કરવા ધરતી પર પાછા આવવા માગે છે.

### 2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.

**પ્રશ્ન 1. કવિને શેના પ્રત્યે આકર્ષણ છે? શા માટે?**

ઉત્તરઃ

કવિને વિવિધ રસ્તાઓ પ્રત્યે આકર્ષણ છે, કારણ કે કવિને જુદા જુદા રસ્તાઓ પર ફરીને પૃથ્વીનાં બધાં જ સ્થળો જોવા ‘ છે. વળી, કવિને પૃથ્વી પરના બધા જ રસ્તાઓનું પરિભ્રમણ કરીને પોતાની પ્રવાસપ્રીતિ સંતોષવી છે.

**પ્રશ્ન 2. કવિને સ્વપ્નમાં શું નજરે ચઢે છે?**

ઉત્તર :

કવિને સ્વપ્નમાં એવું લાગે છે કે રસ્તાઓ જાણે ભરડો લઈને પૃથ્વીની આસપાસ વીંટાઈ ગયા છે. અક્ષાંશ અને રેખાંશની ઉપર જાણે નવીન ગૂંથણી આ રસ્તાઓએ કરેલી છે. વાંકા અંકોડાની જેમ સમુદ્રના પાણીમાં તળિયે પડ્યાં છે. ઘણા રસ્તાઓ વૃક્ષની ડાળીઓની જેમ ફેલાયા છે. વસ્તીના મધપૂડા ઊડે અને નાની નાની કૂંપળની જેમ આ રસ્તાઓ વિસ્તર્યા છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 3. ગલની શી દશા થઈ? શા માટે?**

ઉત્તર :

ગલ એટલે કે માછલાં પકડવાનો વાંકો અંકોડો. માછલાં પકડવાના કાર્યમાં ઘણી વખત આ અંકોડો પાણીમાં પડી જાય અને આ અંકોડો સમુદ્રના તળિયે જઈને નિરર્થક બનીને પડ્યો રહે છે.

**પ્રશ્ન 4. ઝાડની ડાળી પર શું રહેલું છે? તેને હલાવતાં શી સ્થિતિ થાય છે?**

ઉત્તરઃ

ઝાડની ડાળી પર મધપૂડો રહેલો છે એને હલાવતાં એમાં રહેલી મધમાખી ઊડે છે અને સર્વત્ર ફેલાય છે. ઝાડની ડાળીઓ પર નવી ફૂટેલી કૂંપળની જેમ રસ્તાઓ બધે જ વિસ્તરેલા છે.

## 3. વિસ્તૃત ઉત્તર લખો.

**પ્રશ્ન 1. 'આ રસ્તાઓ" શીર્ષક ચર્ચો.**

ઉત્તરઃ

કવિ નટવરલાલ કુબેરદાસ પંડ્યા 'ઉશનસ્' લિખિત "આ રસ્તાઓ' કાવ્યમાં કવિની ભ્રમણપ્રીતિ અહીં લાક્ષણિક રીતે વ્યક્ત થઈ છે.

પ્રસ્તુત કાવ્યની શરૂઆતમાં કવિ રસ્તાઓ વિશે ફરિયાદ કરે છે. ખરેખર તો અહીં કવિની ભ્રમણપ્રીતિ વ્યક્ત થઈ છે. રસ્તાઓ કવિને અલગ અલગ દિશાઓમાંથી બોલાવે છે. આ રસ્તાઓ કવિને જંપવા દેતાં નથી. ચાલવા માટે લોભાવે છે. સ્વપ્નમાં આવે છે. પૃથ્વીની આસપાસ ભરડો લીધો છે.

વાંકાચૂકાં રસ્તાઓની અક્ષાંશ અને રેખાંશની ઉપર નવી ગૂંથણી થઈ છે. આ દ્વારા કાવ્યમાં નવીનતા સર્જાય છે. કાવ્યમાં એક મજાની વાત પણ છે. કવિની ભ્રમણપ્રીતિને કારણે રસ્તાની વ્યાપ વધતો જાય છે.

ધીરે ધીરે રસ્તા અને પૃથ્વીને એવા ચાહતા થઈ જાય છે કે મૃત્યુ પછી પણ રસ્તાનું પ્રલોભન રહે છે. કવિની અપેક્ષા છે કે હજી ઘણા રસ્તાઓ એવા છે કે જેના પર તેઓ ચાલ્યા નથી. તેના પર ચાલવાની ઝંખના છે.

આમ, સમગ્ર કાવ્યમાં કવિની રસ્તાપ્રીતિ સ્પષ્ટ થાય છે, માટે આ શીર્ષક યોગ્ય જ છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 2. રસ્તાની આગવી વિશિષ્ટતા કાવ્યનાં આધારે તારવો.**

ઉત્તર :

કવિ નટવરલાલ કુબેરદાસ પંડ્યા “ઉશનસ્’ લિખિત “આ રસ્તાઓ’ કાવ્યમાં કવિની ભ્રમણપ્રીતિ અહીં લાક્ષણિક રીતે વ્યક્ત થઈ છે.

રસ્તાઓ કવિને જરાપણ શાંતિથી બેસવા દેતાં નથી. ઘર વગરના ચોરની જેમ ઘરમાં ઘૂસી આવે છે. કવિના મનને આકર્ષિત કરીને હાથ પકડીને ઘરની બહાર ઘસડી જાય છે. શાંતિથી સૂવા પણ દેતાં નથી. કવિને સ્વપ્નમાં એવું લાગે છે કે રસ્તાઓ જાણે ભરડો લઈને પૃથ્વીની આસપાસ વીંટાઈ ગયા છે.

અક્ષાંશ અને રેખાંશની ઉપર જાણે નવીન ગૂંથણી આ રસ્તાઓએ કરેલી છે. સમુદ્ર તળિયે પાણીમાં વાંકા અંકોડાની જેમ પડ્યાં છે. ઘણા રસ્તાઓ વૃક્ષની ડાળીઓની જેમ ફેલાયા છે. વસ્તીના મધપૂડા ઊડે એમ નાની નાની કૂંપળની જેમ આ રસ્તાઓ વિસ્તર્યા છે.

કવિને પૃથ્વીનો પ્રેમ એવો મળ્યો છે કે દીવાલોની ભીતર એ રહી શક્તા નથી. કવિનું મન રસ્તાઓના આકર્ષણને હંમેશાં ભમતું રહ્યું છે. સ્વર્ગે ગયા પછી પણ ન જોયેલા રસ્તાઓ જોવાની અદમ્ય ઇચ્છા છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in